ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

મેચ્યોર હોવું મુસીબતનું કામ છે આપણી આંખોને કાબૂમાં રાખવાની અને બીજાંનાં આંસૂ લૂછવાનાં

## જન્મદિને વધામણી



**વિનુભાઈ કે રાણીંગા**
મો. ૯૮૨૪૬ ૬૦૬૨૪

# સરદાર પટેલ વિદ્યામંદિર કુસ્તીની સ્પર્ધામાં ઝળક્યું



સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સૅક્ટર-૭ના વિદ્યાર્થી દલાભાઈ વાલાભાઈ રબારી કુસ્તીની રમતમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાને વિજેતા બન્યા છે. શાળાનાં વ્યાયામ શિક્ષક રૂબીના એ પઠાણ, આચાર્ય વી ડી બુટાણી અને સંયોજક ડી ઍન વાટલિયાએ સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે લૂઈ બ્રેઈલનો જન્મદિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૯

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે અંધજનોના મસીહા એવા સ્પર્શ લિપિના શોધક શ્રી લૂઈ બ્રેઈલની ૨૧૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વઢેર, શ્રી નવજીવન ઍજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ એ સી પટેલ, આચાર્ય વાઘેલાસાહેબ અને સંયોજક નટુભાઈ લાડાણી ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું અને વિદ્યાર્થિનીઓના હસ્તે કેક કાપવામાં આવી હતી. લૂઈ બ્રેઈલનું જીવન કેટલું મહત્ત્વપૂર્ણ હતું અને હજુય માનવજાત માટે કેટલું મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે તે અંગે અતિથિઓએ વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી. વિદ્યાર્થીઓને ચોકલેટ આપીને તેમનું મોં પણ મીઠું કરાવવામાં આવ્યું હતું.

વિશિષ્ટ શિક્ષકોએ જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

# કોલવડા વિદ્યાલયમાં આનંદમેળો યોજાયો



શ્રીમતી કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા, ખાતે તા.-૦૫-૦૧-૨૦૧૯ને શનિવારના રોજ 'આનંદ મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કુલ ૧૨ જુદા-જુદા સ્ટોલ બનાવવામાં આવ્યા હતા. દરેક સ્ટોલમાં અવનવી વાનગીઓ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. ૯:૦૦ થી ૧૨:૦૦ એમ ત્રણ કલાકના સમયગાળામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર વિભાગના તમામ વિદ્યાર્થીઓએ ટોકન આપીને નાસ્તાની મિજબાની માણી હતી. શાળા મંડળના પ્રમુખ અને મંત્રી પણ બાળકોને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાના માર્ગદર્શનથી આયોજિત થયો હતો. સમગ્ર કાર્યક્રમના કન્વીનર નારાયણભાઈ પટેલ સાહેબ તથા સમગ્ર સ્ટાફમિત્રોના સહકારથી પૂર્ણ થયો હતો.

# સોજા હાઈસ્કૂલમાં ઊર્જા જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે ટકાઉ ઊર્જાની આવશ્યકતા અને અનિવાર્યતા વિશે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શાળાના બાળ ઊર્જારક્ષક દળ અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ અભિયાન અંતર્ગત તાજેતરમાં એક વિડીયો નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગેની વિગતો આપતાં સ્કૂલના આચાર્ય ભાવેશભાઈ જોષીએ જણાવ્યું હતું કે નિસર્ગ સૅન્ટરના ડિરેક્ટર અનિલભાઈ પટેલ દ્વારા ઊર્જા, ઊર્જાના પ્રકારો, સ્વરૂપો, સ્રોતો, ઊર્જાનો રોજિંદા જીવનમાં ઉપયોગ, પરંપરાગત ઊર્જાસ્રોતનો કરકસરયુક્ત ઉપયોગ, પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતનો મહત્તમ ઉપયોગ, વીજ બચતનું મહત્ત્વ, ઊર્જા કટોકટી અને તેનું નિવારણ, પ્રદૂષણ મુક્ત ઊર્જાની જરૂરિયાત, ઊર્જા સંરક્ષણની આવશ્યકતા, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય વિકાસમાં ઊર્જાનું સ્થાન, ઊર્જા વિનાની દુનિયા, સૌરઊર્જાની તાતી આવશ્યકતા વગેરે મુદ્દાઓની વિગતે છણાવટ કરવામાં આવી હતી. બાળકો ઊર્જાની બચત, સુરક્ષા, જતન, રક્ષણ, સંવર્ધન, વિવર્ધન અંગે સજાગ બને અને આવનારા ભવિષ્યને ઉજ્જવળ બનાવે તેવા ઉમદા ઉદ્દેશથી આ ભગીરથ કાર્ય અમલમાં મૂકવામાં આવ્યું છે. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી ઊર્જા પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવ્યું હતું. શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિએ પોતાના અભિપ્રેરક-માર્ગદર્શક વક્તવ્યમાં જણાવ્યું હતું કે ટકાઉ ઊર્જા થકી ૨૧મી સદીને જીવવાલાયક બનાવવા માટે વિજ્ઞાન તકનિકીનો સુયોગ્ય ઉપયોગ કરવો જોઈએ. સમગ્ર કાર્યક્રમ પ્રેરણાદાયી, સફળ બની રહ્યો હતો.

# રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં સ્વામિનારાયણધામ ઝળક્યું



ગુજરાત સ્ટેટ ઈશીનરીયુ કરાટે ચેમ્પિયનશીપ તાજેતરમાં વાપી ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં યોગેશકુમાર બી મકવાણાના નેતૃત્વમાં સ્વામિ-નારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી માહિર એસ ચૌધરી અને રોહન એન જાદવે ગોલ્ડ અને દિવ્યાંશ એસ સહાનીએ સિલ્વર મેડલ અને વિશ્વાસ અહુજાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ક્યોશી હાર્દિક જોશીના હસ્તે આ વિજેતા વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.



JMP ગોપાલક વિદ્યા સંકુલમાં સલાડ ડેકોરેશન દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ફળો અને શાકભાજીને ડેકોરેટ કરીને તેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતુ. જેમાં પ્રથમ , દ્વિતિય, અને તૃત્રિય સ્થાને વિજેતા બનેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

# પ્રિટી વિમેન્સ કલબ દ્વારા મ્યુઝિકલ હાઉસી યોજાઈ




મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત અને હંમેશાં કંઈક નવું મનોરંજન આપવાની ભાવના ધરાવતી પ્રિટી વિમેન્સ કલબ દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે મ્યુઝિકલ હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૦૦થી વધુ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વિજેતા મહિલાઓને ઈનામ તરીકે ફ્રીઝ, સ્માર્ટ ટીવી, માઈક્રોવેવ ઓવન, સોનાની બુટ્ટી, પૅડલ, મિક્સર જેવી ઉપયોગી અને મોટી વસ્તુઓ આપવામાં આવી હતી. ભાગ લેનારાં દરેક મહિલાને કલબ તરફથી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન શિલ્પા દેસાઈ અને દક્ષા જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહાત્માને પહેલો આઘાત

મુંબઈથી નિરાશ થઈ રાજકોટ ગયો. નોખી ઑફિસ ખોલી. કંઈક ગાડું ચાલ્યું. અરજીઓ ઘડવાનું કામ મળવા લાગ્યું, ને દર માસે સરેરાશ ત્રણસેં રૂપિયાની આવક થવા લાગી. આ અરજી ઘડવાનું મળવા લાગ્યું તેનું કારણ મારી હોંશીયારી નહોતું, પણ વગ હતું. વડીલ ભાઈના ભાગીદારની વકીલાત જામેલી હતી. તેમની પાસે બહુ અગત્યની અરજી ઘડવાની આવે અથવા જેને તે અગત્યની માનતા હોય તે તો મોટા બારિસ્ટરની પાસે જાય. તેમના ગરીબ અસીલો હોય તેમની અરજીઓ ઘડવાનું મને મળે.

મુંબઈમાં કમિશન નહીં આપવાની મારી ટેક હતી તે અહીં તૂટી ગણાય. બે સ્થિતિનો ભેદ મને સમજાવવામાં આવ્યો હતો. તે આ હતોઃ મુંબઈમાં મારે કેવળ દલાલને પૈસા આપવાની વાત હતી; અહીં વકીલને. જેમ મુંબઈમાં તેમ અહીં પણ બધા બારિસ્ટરો વગર અપવાદે આમ અમુક ટકા આપે છે એમ મને બતાવવામાં આવ્યું હતું. મારા ભાઈની દલીલનો ઉત્તર મારી પાસે નહોતો. 'તું જુએ છે કે હું બીજા વકીલનો ભાગીદાર છું. અમારી પાસે આવે તેમાંના કેસ જે તને આપી શકાય તે આપવાની મારી વૃત્તિ તો રહે જ. પણ જો તું તારી ફીનો ભાગ ભાગીદારને ન આપે તો મારી સ્થિતિ કેવી કફોડી થાય? આપણે સાથે રહીએ એટલે તારી ફીનો લાભ મને તો મળે જ, પણ મારા ભાગીદારને? અને જો તે જ કેસ તે બીજી જગ્યાએ આપે તો તેને ભાગ મળે જ.' આ દલીલથી હું ભોળવાયો ને મને લાગ્યું કે, જો મારે બારિસ્ટરી કરવી હોય તો આવા કેસમાં કમિશન ન આપવાનો આગ્રહ મારે ન રાખવો જોઈએ. હું પીગળ્યો. મારા મનને મનાવ્યું, અથવા સ્પષ્ટ શબ્દોમાં કહું તો, છેતર્યું. પણ આ સિવાય બીજા કોઈ પણ કેસમાં મેં કમિશન આપ્યાનું મને સ્મરણ નથી.

જોકે મારું આર્થિક ગાડું તો ચાલ્યું, પણ જિંદગીનો પહેલો આઘાત આ અરસામાં મળ્યો. બ્રિટિશ અમલદાર એટલે શું એ હું કાને સાંભળતો. નજરોનજર જોવાનું મને હવે મળ્યું.

પોરબંદરના માજી રાણાસાહેબને ગાદી મળી તે પૂર્વે મારા ભાઈ તેમના મંત્રી ને સલાહકાર હતા. તે દરમ્યાન તેમણે રાણાસાહેબને ખોટી સલાહ આપ્યાનું તહોમત તેમની ઉપર હતું. આ ફરિયાદ તે સમયના પોલિટિકલ એજન્ટને મળેલી ને તે મારા ભાઈની સામે ભરમાયા હતા. આ અમલદારને હું વિલાયતમાં મળેલો હતો. ત્યાં તેમણે મારી મૈત્રી ઠીક કરી કહેવાય. ભાઈએ વિચાર્યું કે, આ ઓળખાણનો લાભ લઈ મારે પોલિટિકલ એજન્ટને બે શબ્દો કહેવા ને તેમની ઉપર જે ખરાબ અસર પડી હોય તે ભૂંસવા પ્રયત્ન કરવો. મને આ વાત જરાયે પસંદ ન પડી. વિલાયતની નજીવી ઓળખાણનો મારે લાભ ન લેવો જોઈએ. જો મારા ભાઈએ કાંઈ દૂષિત કાર્ય કર્યું હોય તો ભલામણ શા કામની? જો ન કર્યું હોય તો રીતસર અરજી કરીને અથવા પોતાની નિર્દોષતા ઉપર વિશ્વાસ રાખી નિર્ભય થઈ બેસવું. આ દલીલ ભાઈને ગળે ન ઊતરી. 'તું કાઠિયાવાડને જાણતો નથી. જિંદગીની પણ તને હવે ખબર પડશે. અહીં તો વગે વાવણાં થાય છે. તારા જેવો ભાઈ હોય ને તારા ઓળખીતા અમલદાસને થોડી ભલામણ કરવાનો સમય આવે ત્યારે તું છટકી જાય એ બરોબર ન કહેવાય.'

ભાઈનું મોં ન મૂકી શક્યો. મારી મરજી વિરુદ્ધ હું ગયો. મને અમલદારની પાસે જવાનો કશો અધિકાર નહોતો. જવામાં મારા સ્વમાનનો ભંગ થતો હતો એની મને શુદ્ધિ હતી. મેં મળવાનો વખત માગ્યો; મને મળ્યો; હું ગયો. જૂની ઓળખાણ કાઢી. પણ મેં તુરત જોયું કે વિલાયત અને કાઠિયાવાડમાં ભેદ હતો; પોતાની ખુરશીએ બેઠેલા અમલદાર અને રજા ઉપર ગયેલ અમલદારમાં પણ ભેદ હતો. અમલદારે ઓળખાણનો સ્વીકાર કર્યો, પણ એ ઓળખાણની સાથે જ તે વધારે અક્કડ થયા. 'એ ઓળખાણનો લાભ લેવા તો તું નથી આવ્યો ના?' એમ મેં તેની અક્કડાઈમાં જોયું, તેની આંખમાં વાંચ્યું. સમજતાં છતાં મેં મારું પ્રકરણ ઉખેળ્યું. સાહેબ અધીરા થયા. 'તારા ભાઈ ખટપટી છે. તારી પાસેથી વધારે વાત સાંભળવા હું નથી માગતો. મને વખત નથી. તારા ભાઈને જો કંઈ કહેવું હોય તો તે રીતસર અરજી કરે.' આ ઉત્તર બસ હતો, યથાર્થ હતો; પણ ગરજને જ્ઞાન ક્યાંથી હોય? હું તો મારું પ્રકરણ ચલાવી રહ્યો હતો. સાહેબ ઊઠ્યા. 'હવે તમારે જવું જોઈએ.'

મેં કહ્યું, 'પણ મારી વાત તો પૂરી સાંભળો.'

સાહેબ ખૂબ ખિજાયા. 'પટાવાળા, ઈસકો દરવાજા બતાઓ.'

'હજૂર' કહી પટાવાળો દોડી આવ્યો. હું તો હજુ કંઈક બકી રહ્યો હતો. પટાવાળાએ મને હાથ લગાડ્યો ને મને દરવાજાની બહાર કાઢ્યો.

સાહેબ ગયા, પટાવાળો ગયો. હું ચાલ્યો, અકળાયો, ખિજાયો. મેં તો ચિઠ્ઠી ઘસડીઃ 'તમે મારું અપમાન કર્યું છે, પટાવાળાની મારફતે મારી ઉપર હુમલો કર્યો છે. તમે માફી નહીં માગો તો તમારા ઉપર રીતસર ફરિયાદ કરીશ.' આ ચિઠ્ઠી મેં મોકલી. થોડી જ વારમાં સાહેબનો સવાર જવાબ આપી ગયોઃ

'તમે મારા તરફ અસભ્યપણે વર્ત્યા. તમને જવાનું કહ્યું છતાં તમે ન ગયા, તેથી મેં જરૂર મારા પટાવાળાને તમને દરવાજો દેખાડવા કહ્યું, ને પટાવાળાના કહેવા છતાં તમે કચેરી ન છોડી. તેણે તમને કચેરી બહાર કાઢવા પૂરતું બળ વાપર્યું. તમારે જે પગલાં લેવાં હોય તે લેવા તમે છૂટા છો.' જવાબની આ મતલબ હતી.

આ જવાબ ખિસ્સામાં મેલી ભોંઠો પડી ઘેર આવ્યો. ભાઈને વાત કહી. તે દુઃખી થયા. પણ તે મને શું સાંત્વન આપે? વકીલ મિત્રોને વાત કરી. મને કેસ માંડતાં થોડો જ આવડતો હતો? આ સમયે સર ફિરોજશા મહેતા પોતાના કોઈક કેસસર રાજકોટમાં હતા. તેમને મારા જેવો નવો બારિસ્ટર તો ક્યાંથી મળી શકે? પણ તેમને રોકનાર વકીલની મારફતે તેમને કાગળિયાં મોકલી તેમની સલાહ પુછાવી. 'ગાંધીને કહો, આવા કિસ્સા તો બધા વકીલબારિસ્ટરના અનુભવમાં આવ્યા હશે. તું નવોસવો છે. તને હજુ વિલાયતની ખુમારી છે. તું બ્રિટિશ સમલદારને ઓળખતો નથી. જો તારે સુખેથી બેસવું હોય ને બે પૈસા કમાવા હોય તો તને મળેલી ચિઠ્ઠી ફાડી નાંખ અને થયેલું અપમાન ગળી જા. કેસ કરવામાં તને દોકડો એક નહીં મળે, ને તું ખુવાર થશે. જિંદગીનો અનુભવ તને હજુ હવે મળવાનો છે.'

મને આ શિખામણ કડવી ઝેર લાગી. પણ તે કડવો ઘૂંટડો ગળે ઉતાર્યે છૂટકો હતો. હું અપમાન ભૂલી તો ન જ શક્યો, પણ મેં તેનો સદુપયોગ કર્યો. 'આવી સ્થિતિમાં ફરી કોઈ દિવસ નહીં મુકાઉં, કોઈની સિફારસ આમ નહીં કરું.' આ નિયમનો કદી ભંગ નથી કર્યો. આ આઘાતે જિંદગીનું સુકાન બદલ્યું.



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર